**<u>મ્હે.એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ–ઉના, જી.ગીર સોમનાથ</u>**

**<u>ફોજદારી કેસ નં. 3147/2021</u>**
**<u>આંક</u> :–**

શ્રી સરકાર
( ઉના પો.સ્ટે. ગુ.ર.નં. ફર્સ્ટ ૧૯૭/૨૦૧૯)

–: વિ રૂ ધ્ધ : –

રમેશભાઈ જીણાભાઈ સોલંકી, ઉ.વ.૨૭,
રહે.કાણેકબરડા, તા.ઉના

**ગુનો : ઈ.પી.કો. કલમ–૩૭૯ તથા ગુજરાત ખનીજ ખાણ અને હેરફેર સંગ્રહ નિવારણ ૨૦૦૫ ની કલમ–૩, ૫, ૬, ૮, ૧૩ મુજબ**

**<u>– : કમીટલ હુકમ : –</u>**

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ઉના પો.સ્ટે. ગુ.ર.નં. ફર્સ્ટ ૧૯૭/૨૦૧૯ મુજબના કામની આ ચાર્જશીટમાં આરોપી સામે **ઈ.પી.કો. કલમ–૩૭૯ તથા ગુજરાત ખનીજ ખાણ અને હેરફેર સંગ્રહ નિવારણ ૨૦૦૫ ની કલમ–૩, ૫, ૬, ૮, ૧૩ મુજબ**નો ગુનો નોંધાયેલ છે. આરોપી સામેનો ગુનો નામદાર સેશન્સ કોર્ટ ટ્રાયેબલ ગુનો હોવાથી આરોપી સામેના કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા અત્રેની કોર્ટને હુકમત નથી. જેથી આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે આ કેસ નામદાર સેશન્સ કોર્ટને કમીટ કરવો જરૂરી છે.

(૨) સદર કામે આરોપીને પોલીસ ધ્વારા અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવતાં તેઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે આપવામાં આવેલ છે, આરોપીનું ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૮ અન્વયે પ્રાથમિક બ્યાન નોંધવામાં આવતા તેઓ નામદાર સેશન્સ અદાલતમાં ખાનગી વકીલ રોકવા માંગતા હોવાનું જણાવેલ છે.

(૩) સદર કામે ત.ક.અ.શ્રીએ તપાસને અંતે આરોપી સામે **ઈ.પી.કો. કલમ–૩૭૯ તથા ગુજરાત ખનીજ ખાણ અને હેરફેર સંગ્રહ નિવારણ ૨૦૦૫ ની કલમ–૩, ૫, ૬, ૮, ૧૩ મુજબ**નાં ગુના સબબનું તહોમત મુકવામાં આવેલ છે. આરોપી સામે મુકવામાં આવેલ તહોમતની હકીકત તથા કેસનું રેકર્ડ ધ્યાને લેતાં આ કેસની ઈન્સાફી કાર્યવાહી કરવાની સતા અત્રેની

અદાલતને ન હોઈ સદર કેસ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ અન્વયે સેશન્સ કમિટ કરવો યોગ્ય જણાતો હોય કેસ સેશન્સ કમિટ કરતો નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

**– : હુ ક મ : –**

ક્રિ.પ્રો.કોડની કલમ ૨૦૯ મુજબ આરોપી સામનો કેસ ધોરણસર નામદાર સ્પે. કોર્ટ, વેરાવળ સમક્ષ ધોરણસરની કમીટલ કાર્યવાહી કરીને મુદત અંદર મોકલી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૧) આ કામના તમામ કેસપેપર્સ, રેકર્ડ, મુદ્દામાલને ધોરણસરની મુદત તારીખ ૩૧/૦૮/૨૦૨૩ પહેલા નામદાર સ્પે. કોર્ટ, વેરાવળ સમક્ષ જરૂરી કમીટલ કાર્યવાહી કરીને મોકલી આપવા.

૨) આ કેસ કમીટ કર્યા અંગેની વેરાવળના સરકારી વકીલશ્રીને યાદી ધ્વારા જાણ કરવી.

૩) આરોપીને ઉપરોકત મુદતેના નામદાર એડીશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટ વેરાવળ સમક્ષ હાજર રહેવા જાણ કરવી.

આ હુકમ આજ તારીખ : ૨૬ મી, માહે : જુલાઈ, સને : ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : ઉના
તારીખ : ૨૬/૦૭/૨૦૨૩

**(વીજયકુમાર આર. સોલંકી)**
એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,ઉના.